# દેવે મોકલેલા મરણના દૂતે ફારૂનને તેના ગુલામોને છોડવા ફરજ પાડી

**પ્રાર્થના :** વ્હાલા પ્રભુ, પાપની, મરણની અને અશુધ્ધ આત્માઓની ગુલામીમાંથી લોકો છુટે માટે તમારા પર વિશ્વાસ કરવા બાળકોની સહાય કરો.



મરણના દૂત

કોઈ મોટો છોકરો કે સભાજનો **ઈસ્ત્રાએલના ગુલામીમાંથી છુટકારાની વાર્તા કહી સંભળાવે** તે સાથે નીચેના ત્રણ ભાગવાળા નાટકમાં વર્ણન કરનાર ના સંક્ષિપ્ત વિવરણની નવ નંબરની આઈટમનો ઉપયોગ કરે. (નિર્ગ.૧૧-૧૫)

ઈસ્ત્રાએલના ગુલામીમાંથી છુટકારાનું **નાટક બનાવો.**

- ભજનસેવાના આગેવાન સાથે આ નાટક ભજવવાનું ગોઠવો.
- બાળકોને ભણાવતી વખતે આ નાટકની પ્રેકટીસ કરો.
- મોટા બાળકો નાના બાળકોની સહાય કરે.
- તમારે બધા ભાગો રજુ કરવાના નથી.
- મોટા છોકરાઓ કે સભાજનોમાંથી કોઈ ફારૂન, ગભરાયેલા બાળકો, વર્ણન કરનાર અને મુસાના પાત્રો ભજવે.
- નાના બાળકો જુદા જુદા કામ કરનારા અભિનેતા બને.

**પાર્ટ-૧**

**ઉદ્‌ઘોષક :** ટૂંકમાં વાર્તાનો પ્રથમ ભાગ કહે.

૧) ક્રુર મિસરીઓ દેવના લોકો પાસે ગુલામગીરી કરાવવા માટે કોરડા મારતા હતા.

૨) દેવે તેઓના નિસાસા સાંભળ્યા અને ફારૂનને ઈસ્ત્રાએલપુત્રોને છોડાવાનું કહેવા મુસાને મોકલ્યો.

૩) ફારૂને તેમ કરવા ના પાડી માટે દેવે તેની પર દબાણ લાવવા અનર્થો મોકલ્યા કે તે લોકોને મુક્ત કરે.

પછી તે બોલે, ''દુષ્ટ રાજા ફારૂન પાસે મુસા શી માંગણી કરે છે તે સાંભળો.''

**મુસા :** ઈસ્ત્રાએલનો પરાત્પર દેવ તેના લોકોને ગુલામીમાંથી છોડાવવાની તને આજ્ઞા કરે છે.

**ફારૂન :** તારો દેવ કોણ છે કે હું તેનું માનું ? ઈજીપ્તપાસે ઘણાં દેવો છે અને તેઓ શક્તિશાળી છે.

**મુસા :** અમારો દેવ તારા દેશ પર અનર્થો મોકલશે કે તું જાણે કે તારી મૂર્તિઓ કરતા તેની પાસે વધારે શક્તિ છે.

**ઉદ્‌ઘોષક :** પહેલો અનર્થ! પ્રાચીન મિસરીઓએ નાઈલ નદીને ભ્રષ્ટ કરી હતી માટે દેવે તેનું લોહી કરી નાખ્યું.

**ફારૂન :** અમારા બધા વહેળા લોહી થઈ ગયા છે પણ મારા લોકો કૂવા ખોદીને તાજું પાણી મેળવી રહ્યાં છે.

**અભિનેતાઓ :** દેડકાની માફક કૂદે.

**ઉદ્‌ઘોષક :** બીજો અનર્થ! દેડકાં ! ફારૂન અને તેના લોકો દેડકા વિષે શું કહે છે તે સાંભળો.

**ફારૂન :** ચારે બાજુ દેડકાં ! મારા શયનખંડમાં પણ ! તેમને બહાર કાઢો.

**બાળકો :** હાથ પર ડોકી અને મોઢા પર મારીને કહે કે કેટલી બધી જુઓ અને ડાંસો છે !

**ઉદ્‌ઘોષક :** ત્રીજો અનર્થ ! જુઓ - લોકો જુઓ વિષે શું કહે છે તે સાંભળો.

**ફારૂન અને બાળકો :** તેમની ચારેબાજુ માખીઓ ઉડે છે અને તેઓ તે માટે ફરિયાદ કરે છે.

**ઉદ્‌ઘોષક :** ચોથો અનર્થ! માખીઓ ! જૂઓ ફારૂન અને તેના દાસો માખીઓ વિષે શું કરે છે.

**બાળકો :** ઘુંટણીએ ચાલે છે અને ગાયની જેમ અવાજ કરે છે પછી ઊંધા પડી જાય અને પગ ઉપર થઈ જાય તેવું કરે છે.

**ઉદ્‌ઘોષક :** પાંચમો અનર્થ ! ભયંકર ઢોરનો રોગ ! જૂઓ ગાયો કેવી મરે છે!

**ફારૂન અને બાળકો :** કેટલાક હાથ દબાવે, કેટલાક મોઢા અને દર્દથી બૂમો પાડે.

**ઉદ્‌ઘોષક :** છઠ્ઠો અનર્થ! - ગુમડા ! ફારૂન અને તેના લોકો હવે શું કરે છે તે જૂઓ !

**બાળકો :** ઉપર જૂએ અને મોઢા ઢાંકવાનો અભિનય કરે જાણે કે પથ્થરો અને કરા પડતા હોય. પછી બધા પડી જાય.

**ઉદ્‌ઘોષક :** સાતમો અનર્થ! કરા ! જૂઓ, કરા પડે ત્યારે મૂર્તિપૂજકો શું કરે છે !

**અભિનેતાઓ :** તીડની જેમ આજુબાજુ કુદાકુદ કરે.

**ફારૂન :** મુસા, તેમને અટકાવ. તેઓ અમારો બધો પાક ખાઈ જાય છે.

**ઉદ્‌ઘોષક :** આઠમો અનર્થ! તીડો! જૂઓ તીડો શું કરે છે.

**બાળકો :** આમતેમ આંધળાની જેમ અથડાય છે. તેઓ બૂમ પાડે છે કે એવું અંધારૂ છે કે કંઈ જ દેખાતું નથી. હાથ લાંબા કરીને રસ્તો શોધે છે. એકબીજા સાથે અથડાઈને પડી જાય છે.

**ઉદ્‌ઘોષક :** નવમો અનર્થ! મિસરીઓ સૂર્યની પૂજા કરતા તેથી દેવે અંધારૂ મોકલ્યું. જૂઓ લોકો શું કરે છે.

**ભાગ-૨**

**ઉદ્‌ઘોષક :** વાર્તાનો બીજો ભાગ સંક્ષિપ્તમાં જણાવે.

૧) છેલ્લા અનર્થ વખતે મૃત્યુનો દૂત દેશ પર ફર્યો અને દરેક ઘરના પ્રથમજનિતનો સંહાર કર્યો.

૨) વિશ્વાસીઓએ પોતાના બારણાની બારસાખો ઉપર હલવાનનું રક્ત છાટ્યું. દૂતે આ રક્ત જોયું અને ઘર ટાળી દીધું.

૩) તેઓએ ઉતાવળમાં હલવાનનું માંસ ખાધું. આ દિવસની યાદમાં યહુદીઓ વર્ષોવર્ષ પાસ્ખપર્વ ઉજવે છે.

**ગભરાયેલા બાળકો** : વાંચે અથવા મૌખિક રીતે નીચેનું ગીત લાગણી સહિત રજુ કરે.

*એક બાળકની ભયભીત આશા*

બાળક કણસે છે 'હું સૂઈ શકતો નથી
મારૂ હૃદય બીકથી થડકે છે !'
મુસાએ કહ્યું છે આજે રાતે આ થશે
મરણનો દૂત મિસર ઉપર ઉડશે
અને પ્રથમ જન્મેલાંઓ મરશે
જો હલવાનનું રક્ત આપણે બારણે ન હોય

તો તો રાત અંધારી ને અંધારી ને અંધારી
હવા ઠંડી છે અને થીજાવી દે છે
કોઈ ઘરમાં કોઈ સાદ સંભળાતો નથી
હજુ તો દૂત આવ્યો જ નથી
અરે ! એક ચિત્કાર સંભળાયો! દૂર દૂર
દેવનો મૃત્યુદૂત આવી ચૂક્યો છે !
બીજી મરણ ચીસ ! થોડી પાસે !
ચારેબાજુ રડાપીટ ! મિસરીઓ રડે છે
હવે ચીસો થંભી ગઈ છે ! ફક્ત ડુસકાં ! દૂર રાત્રિમાં
હું જીવતો છું, હું જીવતો છું ! હલવાનના રક્તે મને જીવન આપ્યું છે !

**ભાગ-૩**

**ઉદ્‌ઘોષક :** સંક્ષિપ્તમાં વાર્તાનો ત્રીજો ભાગ કહે છે.

૧) ફારૂન લોકોને જવા દે છે પણ તેનું મન બદલાય છે અને પાછળ લશ્કર મોકલે છે.

૨) દેવે લાલ સમુદ્રમાં રસ્તો કર્યો કે તેના લોક તે ઓળંગી જાય.

૩) જ્યારે સૈનિકોએ સમુદ્ર પાર કરવાની કોશિષ કરી ત્યારે પાણી પાછા ફર્યા અને તેઓ ડૂબી ગયા.

પછી કહે, સાંભળો, પ્રથમજનિતોના નાશના અંતિમ અનર્થ પછી ફારૂન શું કહે છે.

**ફારૂન :** મારો જયેષ્ઠ પુત્ર મરણ પામ્યો. મેં ગુલામોને જવા દીધા. પણ હવે હું નિર્ણય બદલું છું. સૈનિકો પાછળ પડો. તમારા રથો અને ઘોડાઓ લો. દરેક ઈસ્રાએલીને મારી નાખો !

**બાળકો :** દોડે છે અને ઘોડા પર ચઢતા હોય તેવો દેખાવ કરે છે પછી બૂમો પાડે છે કે પાણી પાછા ફરી રહ્યાં છે. અને પડે છે.

**મુસા :** પવિત્ર પ્રભુની સ્તુતિ થાઓ. તેણે પોતાના મહા સામર્થ્યથી આપણને મરણ અને ગુલામીમાંથી છોડાવ્યા છે. આમેન.

**ઉદ્‌ઘોષક :** નાટકમાં મદદ કરનાર બધાનો આભાર.

**બાળકો એક દેડકાનું ચિત્ર દોરે**. ભજન સેવા વખતે આ ચિત્રો બતાવવા અને સમજાવવું કે દેવે દુષ્ટ રાજા ફારૂન ગુલામોને મુક્ત કરે માટે આ દેડકાનો અનર્થ મોકલ્યો.



**ગીત :** ચાર બાળકો નિર્ગમન ૧૫ ૩થી ૬ કલમ મોઢે બોલી જાય. પ્રભુ ઈસુના ૧૫૦૦ વર્ષ પહેલા દેવે તેના લોકને કેવી રીતે બચાવ્યા તે બાબતનું ગીત મોટા છોકરાઓ લખે.

ગીતશાસ્ત્ર-૯૧-૧. **મુખપાઠ કરો.**

**પ્રાર્થના** : વ્હાલા પ્રભુ, તમે સર્વશક્તિમાન છો. શેતાન જે સૌથી ભૂંડો રાજા છે. તેનાથી તમે અમને છોડાવો છો. અમારા મિત્રને પણ છોડાવો એવું અમે માંગીએ છીએ. ઈસુના સર્વશક્તિમાન નામમાં આમીન.

Copyright 2004 © by Paul - Timothy. May be freely copied. Download from www.Paul-Timothy.net